'પંચામૃત રેસીડન્સી' નામની યોજના પૈકીમાં આવેલ ફ્લેટ નં. ......... ની સ્થાવર મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા. ..............=૦૦ પુરાનો :-

આજરોજ તારીખ : /૦૯/૨૦૧૪ ના રોજ અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનારા-એક તરફવાળા :-

**માં દુર્ગા ડેવલોપર્સ** એ નામની ભાગીદારી પેઢી કે જેની ઓફીસ ૭, નરનારાયણ સોસા., હરણી રોડ,વડોદરા મુકામે આવેલ છે.તેના વતી ભાગીદાર તરીકે **જગદીશભાઈ ચીમનલાલ સોની** ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર, (જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજમાં લખી આપનારા અગર એક તરફવાળાએ રીતે સંબોધવામાં આવશે. જેના શબ્દના અર્થમાં લખી આપનારા-એક તરફવાળી ભાગીદારી પેઢીના ભાગીદારોનો પોતેજાતે તથા પોતાના વંશ,વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થયેલા છે.)

જોગ સદર વેચાણ દસ્તાવેજ લખી લેનારા-બીજી તરફવાળા(વેચાણ લેનારા) :-

............................... Age ....., Occ. ...... (Pan No. .................)
Add. : .................................. (જેમને હવેપછી આ વેચાણ દસ્તાવેજમાં લખી લેનારા અગર બીજી તરફવાળાએ રીતે સંબોધવામાં આવશે.જેના શબ્દના અર્થમાં લખી લેનારા-બીજી તરફવાળાનો પોતેજાતે તથા તેમના વંશ,વાલી,વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલા છે.)

સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારાઓ સંયુકત ભેગા મળી, તમો લખી લેનારા-બીજી તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :-

૧) તા.જી.વડોદરાના મોજે ગામ **હરણીના** બ્લોક/સર્વે **નં.૨૬ પૈકી ૨** વાળી જમીન કેજેનો પ્રારંભિક ટી.પી.સ્કીમ નં.૧(હરણી)માં સમાવેશ થતાં ફા.પ્લોટ નં.૩ મળેલ છે. સદર જમીનનો બિનખેતીનો વાપર,ઉપયોગ કરવા-કરાવવાની પરવાનગી મેળવવા કરેલ અરજ અન્વયે કલેકટરશ્રી, બીનખેતી શાખા વડોદરાનાએ તા.૨૪/૧૦/૨૦૧૩ ના રોજ કરેલ હુકમ નં. રીવી/એન.એ/એસ.આર/૪૧૦/૨૦૧૨-૨૦૧૩ નં.જમીન-ડી/કલમ-૬૫/વશી/૨૯૪૯/૨૦૧૩ થી પરવાનગી આપેલ છે.

સદર ઉપરોકત મેળવેલ પરવાનગીઓ મુજબની બિનખેતીની બ્લોક/સર્વે નં.૨૬ પૈકી ૨/પૈકી ૧ અને બ્લોક/સર્વે નં.૨૬ પૈકી ૨/પૈકી ૨ વાળી જમીનના માલીક,મુખત્યાર અને કબજેદાર અનુકમે **ચેતનભાઈ કનુભાઈ પટેલ તથા વિગેરે** અને **મનિષભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા વિગેરે** પાસેથી અનુકમે **૪૬૪.૫૧** ચો.મી. તથા **૪૫૫૨.૦૦** ચો.મી. જમીનના વેચાણ અંગે નકકી થયા મુજબનો વેચાણ અવેજ લખી આપનારા-એક તરફવાળી ભાગીદારી પેઢીના ભાગીદારોએ સંયુકત ભેગા મળી પાર્ટનરશીપ એકટની જોગવાઈઓ મુજબ પેઢીના નેજા હેઠળ ચુકવી આપી અનુકમે તા. ૦૩/૦૯/૨૦૧૪ ના રોજ લખેલ રજી.વેચાણ દસ્તાવેજ નોંધણી નં. ૮૨૪૩ અન્વયે તથા તા. ૨૮/૦૮/૨૦૧૪ ના રોજ લખેલ રજી.વેચાણ દસ્તાવેજ નોંધણી નં. ૮૧૪૧ અન્વયે વેચાણ રાખેલ હતી જે આધારે અમો ભાગીદારી પેઢીના ભાગીદારો માલીક,મુખત્યાર અને કબજેદાર થયેલા હતા.

સદર'પંચામૃત રેસીડન્સી'નામની યોજનાના બાંધકામ અંગેની જરૂરી પરવાનગી વડોદરા મહાનગર સેવાસદનમાંથી તા.૨૭/૦૯/૨૦૧૩ ના રોજ રજાચીઠ્ઠી નં.વોર્ડ-૨/એલ-૪૮/૨૦૧૩-૨૦૧૪ અન્વયે મેળવ્યા મુજબ નકશાઓ મંજુર કરાવેલા છે.